o/c

adani
Ports and
Logistics

AHPL/DCF-Surat/4.1601Ha/2024/94
July 29, 2024

પ્રતિ,
નાયબ વન સંરક્ષક શ્રી,
સુરત વન વિભાગ, સુરત

વિષય : **Re-diversion of 4.1601 Ha Forest Land (out of 34.00Ha Forest Land) for Development of Multi Cargo Port and allied Infrastructure facilities at Hazira, Dist – Surat by M/s. Adani Hazira Port Ltd.**

સાહેબશ્રી,

સવિનય જણાવવાનું કે અમો કંપની દ્વારા હજીરા ખાતે મલ્ટી કાર્ગો પોર્ટ તથા તેને લાગત અનુસંગિક સુવિધાઓના વિકાસ માટે વન જમીન ૯૦.૮૬૦૫ હે તથા ૨૧૦.૧૫૯૪ હે મેળવેલ છે. ઉપરોક્ત જમીનની વચ્ચે આવતી ઉપરોક્ત દરખાસ્તવાળી ૪.૧૬૦૧ હે. વન જમીન મેળવવા માટે પણ અમારા દ્વારા રી-ડાયવર્ઝનની દરખાસ્ત આપશ્રીને કરેલ છે. અમારી ઉપરોક્ત દરખાસ્તના કામે આપની કચેરીમાંથી તા. ૩૦.૬.૨૦૧૭ ના પત્રથી સદર જમીન મે. એસ્સાર સ્ટીલ લી. ને પબ્લિક રોડ હેતુ આપેલ ૩૪.૦૦ હે વન જમીન પૈકીની હોય તેમનું એન.ઑ.સી રજૂ કરવા જણાવેલ છે.

આ બાબતે આપશ્રીને સવિનય જણાવવાનું કે ઉપરોક્ત ૩૪.૦૦ હે. વન જમીન મે. એસ્સાર સ્ટીલ લી. દ્વારા NHAI ને વર્ષ ૨૦૧૩ માં જ ટ્રાન્સફર કરી દીધેલ છે. ઉપરોક્ત જમીન NHAI દ્વારા મેળવી લેવા સબબની મંજૂરી પણ NHAI ની એક્ઝેક્યુટિવ કમિટીએ પાઠવેલ છે. ત્યાર બાદ ઉપરોક્ત ૩૪.૦૦ હે વન જમીન વન વિભાગના ચોપડે NHAI ના નામે ટ્રાન્સફર કરવા/નામમાં ફેરબદલ કરવાની દરખાસ્ત વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા તા. ૩૧.૦૩.૨૦૧૮ના રોજ ભારત સરકારના વન, પર્યાવરણ અને કલાઇમેટ ચેન્જ વિભાગને કરેલ છે. ઉપરોક્ત દરખાસ્તને તા. ૧૭.૫.૨૦૧૯ ના રોજની REC મિટિંગમાં એજન્ડા નં. ૧૪ મુજબ ચર્ચા કરી સૈદ્ધાંતિક શરતી મંજૂરી પાઠવેલ છે.

અમો, અદાણી હજીરા પોર્ટ લી. દ્વારા NHAI ઓથોરિટી પાસેથી તા. ૨૬.૦૪.૨૦૨૧ ના રોજ ઉપરોક્ત ૪.૧૬૦૧ હે. વન જમીન માટે NOC મેળવી આપની કચેરીને રજૂ કરેલ છે.

આપ જાણો છે તે મુજબ અમોને મળેલ ૨૧૦.૧૫૯૪ તથા ૯૦.૮૬૦૫ હે વન જમીન ની એકદમ વચો-વચ ઉપરોક્ત દરખાસ્તવાળી જમીન આવતી હોય તે અમારા માટે અતિ આવશ્યક છે. અમારા દ્વારા મે. એસ્સાર સ્ટીલ લી. જે હવે મે. AMNS Steel India Ltd તરીકે ઓળખાય છે તેને આ સબબ NOC માટે ઘણીવાર રજૂઆતો કરેલ છે પરંતુ આજદિન સુધી આ અંગે કોઈ પ્રત્યુતર મળેલ નથી. વધુમાં વન અધિનિયમન ની ગાઈડલાઇન ૫.૬(૪) મુજબ જ્યારે આ પ્રકારે NOC ઉપલબ્ધ ના થઈ શકે તેમ હોય ત્યારે વન વિભાગને મેરીટના આધારે નિર્ણય કરવાની સત્તા હોય છે.

અમારી ઉપરોક્ત રજૂઆતોને સંબધિત જરૂરી દસ્તાવેજી આધાર પુરાવા આ પત્ર સાથે સામેલ છે. અમારી આપશ્રીને નમ્ર અરજ છે કે અમારી દરખાસ્ત વહેલી તકે આગળ મંજૂરી અર્થે મોકલી આપશો જી.

આપનો વિશ્વાસુ
અદાણી હજીરા પોર્ટ લી. વતી,

અધિકૃત અધિકારી
બિડાણ : ઉપર મુજબ

દફતર કારકુન
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
સુરત વન વિભાગ, સુરત.
29/7/2024